મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080

મીરાપુરી ગામે બાઈક અકસ્માત: દૂધ ભરવા જતાં વૃદ્ધને ટક્કર મારી ચાલક ફરાર

કાલોલ તાલુકામાં અકસ્માતના બે બનાવોમાં બેને ઈજા

પોલીસે બંને બનાવોની નોંધ લઇ કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધી) કાલોલ, તા.15

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં માર્ગ અકસ્માતના બે બનાવો સામે આવ્યા છે જેમાં બંને બનાવોમાં બે ઇસમોને ઓછાવત્તી શારીરીક ઈજાઓ થવા પામી છે.

કાલોલ તાલુકાના કરોલી ગામે આવેલા મીરાપુરી વિસ્તારમાં પૂરઝડપે દોડતી મોટરસાયકલે સામેથી આવતી અન્ય મોટરસાયકલને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં ભારતભાઈ ભલાભાઈ પટેલીયા (ઉ.વ. ૫૨) નામના વ્યક્તિને જમણા પગે, આંખ ઉપર તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જનાર મોટરસાયકલ ચાલક વાહન મૂકીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.ગત તા. ૦૮/૧૧/૨૦૨૬ના રોજ સાંજના સુમારે ભારતભાઈ પોતાની મોટરસાયકલ (નં. GJ-07-CS-0450) લઈને ઘરથી ગામની ડેરી પર દૂધ ભરવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન કારોલી ગામના મીરાપુરી ગામે ખુમાનભાઈ રાઠવાના ઘર નજીક પહોંચતા, સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી અન્ય મોટરસાયકલ (નં. GJ-17-CN-6001) ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતને કારણે ભારતભાઈ રોડ પર નીચે પટકાતા તેમને ગંભીર ઈજાઓ થઈ હતી અને લોહી વહેવા લાગ્યું હતું. પરિવારજનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને ગોધરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ઈજાગ્રસ્તના પુત્ર બાબુભાઈ ભારતભાઈ પટેલીયા દ્વારા વેજલપુર પોલીસ સ્ટેશનમાં મોટરસાયકલ (નં. GJ-17-CN-6001) ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. અન્ય એક બનાવમાં મધવાસ ગામ નજીક કાર અને બાઈક વચ્ચે ટક્કર: વૃદ્ધ ઈજાગ્રસ્ત થતા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો કાલોલ તાલુકાના મધવાસ ગામ તરફ જતા રોડ પર પૂરઝડપે આવી રહેલી એક કારના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર વૃદ્ધને ઈજા પહોંચી હતી. આ મામલે કાલોલ પોલીસ મથકે કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઘટનાની વિગતઃ મધવાસ ગામના મોટું ફળિયામાં રહેતા ૨૬ વર્ષીય રવિન્દ્રકુમાર રંગીતસિંહ ચૌહાણે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૨/૧૧/૨૦૨૬ ના રોજ સવારે સવા નવ વાગ્યાના અરસામાં તેમના પિતા રંગીતસિંહ ફતેસિંહ ચૌહાણ પોતાની બજાજ સીટી-૧૦૦ મોટરસાયકલ (નં. GJ-17-P-508) લઈને ખેતરમાંથી પરત ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન મધવાસ ગામ તરફ જતા રોડ પર જસુભાઈ કનુભાઈ રાઠોડના ખેતર પાસે સામેથી પૂરઝડપે આવી રહેલી મારુતિ વેગન-આર કાર (નં. GJ-17-BH-5057) ના ચાલકે તેમની બાઈકને ટક્કર મારી હતી, જેના કારણે રંગીતસિંહ નીચે પટકાતા તેમને જમણા પગના સાથળના ભાગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ કારચાલકે પોતાની જ ગાડીમાં ઈજાગ્રસ્તને બેસાડી કાલોલની સિદ્ધિવિનાયક હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા અને દવા-સારવારના રૂ. ૫,૩/- ચૂકવ્યા હતા. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ, તા. ૧૪/૧૧/2026 ના રોજ રવિન્દ્રકુમાર ચૌહાણે કાલોલ પોલીસ સ્ટેશનમાં વેગન-આર કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

સંજેલીના ડુંગરા ગામે ખેડાની માતાજીના મંદિરે ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) સુખસર,તા,15

સંજેલી તાલુકાના ડુંગરા ગામે તારીખ 14 નવેમ્બર 2026 શનિવારના રોજ ગામ ખેડાની માતાજીના મંદિરે ભજન,પૂજન, અને સત્સંગ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.ગામમાંથી મોટી સંખ્યામાં વડીલો,યુવાનો, માતાઓ,ભાઈઓ,બહેનો અને બાળકો હાજર રહ્યા હતા.સૌપ્રથમ ખેડાની માતાનું પૂજન કરવામાં આવ્યું હતું.સામુહિક આરતી, ભજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શંકરભાઈ કટારા દ્વારા સત્સંગ કરવામાં આવ્યો હતો.

રોકડ સહિત રૂ. 3,૫૭૦નો મુદ્દામાલ જપ્ત

વેજલપુરમાં જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.15

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામે જાહેરમાં પત્તા-પાનાનો જુગાર રમતા પાંચ શખ્સોને વેજલપુર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી દાવ પર મુકેલા અને અંગઝડતી દરમિયાન મળેલા રોકડા રૂપિયા મળી કુલ રૂ. ૩,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેજલપુર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ગજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા સ્ટાફના માણસો ખાનગી વાહનોમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, વેજલપુરમા આવેલી આંગણવાડી (નંદઘર) ની બહાર ઓટલા પર કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળી પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખીને બપોરે ૨:૪૫ વાગ્યાની આસપાસ સ્થળ પર રેઈડ પાડી હતી.

પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે પીછો કરીને પાંચેય શખ્સોને ઝડપી લીધા હતા. તપાસ દરમિયાન દાવ પરથી રોકડા રૂ. ૧,૪૭૦/-, પકડાયેલા ઈસમોની અંગઝડતીમાંથી રોકડા રૂ. ૨,૧૦૦/- તેમજ ૫૨ નંગ પત્તા-પાના મળી કુલ રૂ. ૩,૫૭૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

અંબાજી તળાવ રોશનીથી ઝળહળી ઉઠ્યું

પાદરામાં પ્રથમ વખત 'ક્લીન પાદરા કાર્નિવલ-૨૦૨૬'નો રંગારંગ પ્રારંભ

(પ્રતિનિધી) પાદરા, તા.15

પાદરા વાસીઓને મનોરંજનની સાથે આનંદ અને ઉત્સાહની અનોખી ભેટ આપવા ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા તથા પાદરા નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય 'ક્લીન પાદરા કાર્નિવલ-૨૦૨૬'નો અંબાજી તળાવ ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે રીબીન કાપી કાર્નિવલને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્નિવલના પ્રારંભ સાથે જ અંબાજી તળાવ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠતાં સમગ્ર વિસ્તાર ઉત્સવમય માહોલમાં રંગાયો હતો. પ્રથમ દિવસે જ હજારોની સંખ્યામાં નગરજનો કાર્નિવલનો આનંદ માણવા ઉમટી પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે આશરે દસ વર્ષ પૂર્વે રૂ. ૩.૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા અંબાજી તળાવને ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના કાર્યકાળ દરમિયાન આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યું છે. પાદરામાં પ્રથમ વખત અંબાજી તળાવ ખાતે યોજાઈ રહેલા આ પ્રકારના કાર્નિવલને લઈને નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્રણ દિવસ સુધી ચાલનારા આ કાર્નિવલમાં દરરોજ રાત્રે ૭થી ૧૧ વાગ્યા દરમિયાન ઓર્કેસ્ટ્રા, લાઈવ શો, મેજિક શો, ગ્રાન્ડ કઠપૂતળી ડાન્સ, ગેમ્સ સહિતના વિવિધ મનોરંજક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત બાળકો માટે ગેમિંગ પ્રવૃત્તિઓ, વિવિધ રાઈડ્સ, ફૂડ સ્ટોલ, સેલ્ફી ઝોન, રંગોળી પ્રદર્શન અને આકર્ષક લાઈટ શોનું આયોજન કરવામાં આવ્યું છે.



લીમખેડાના દુધિયા ખાતે જગદીશ વિશ્વકર્માના હસ્તે બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ



(પ્રતિનિધી) લીમખેડા, તા.15

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે આજે દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે જનજાતીય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનજાતીય સમાજના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતાં. આ પ્રસંગે આયોજિત ભવ્ય શોભાયાત્રામાં પણ શ્રી વિશ્વકર્મા સહભાગી થયા હતાં. લીમખેડા અને દેવગઢ બારીયા વિધાનસભાના આ સંયુક્ત કાર્યક્રમમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ 'જય જોહાર'ના નાદ સાથે પોતાના સંબોધનની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે, આજનો દિવસ પવિત્ર અને ઐતિહાસિક દિવસ છે.

છોટાઉદેપુર ખાતે રાજ્યકક્ષાના 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરાઇ

મુખ્યમંત્રીના હસ્તે રૂ. ૩.૫ કરોડના ખર્ચે નિર્મિત ૬ અત્યાધુનિક મીની ફાયર ટેન્ડરનું લોકાર્પણ

(પ્રતિનિધી) સંખેડા, તા.15

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી માટે છોટાઉદેપુર જિલ્લાની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જાહેર સભાને સંબોધતા પહેલા નગરના ભગવાન બિરસા મુંડા સર્કલથી એસ. એન. કોલેજના ગ્રાઉન્ડ સુધી ભવ્ય રોડ શો યોજાયો હતો. આ ગૌરવવંતા અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે છોટાઉદેપુર જિલ્લાના નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનને વધુ સુદ્રઢ બનાવતા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશનની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવેલ અંદાજે રૂ. ૩.૫ કરોડના જંગી ખર્ચે તૈયાર થયેલી કુલ ૬ અત્યાધુનિક મીની ફાયર ટેન્ડરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



મુખ્યમંત્રીએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આયોજિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ, વિકાસ કાર્યો અને પ્રકલ્પોની માહિતી આપતી પ્રદર્શનીને ખુલ્લી મૂકી હતી. આ પ્રદર્શની આગામી ૩ દિવસ સુધી નાગરિકો અને મુલાકાતીઓ માટે ખુલ્લી રહેશે, જેથી સ્થાનિક જનતા સરકાર દ્વારા આદિવાસી સમાજના ઉત્થાન માટે અમલમાં મુકાયેલી વિવિધ જનકલ્યાણ યોજનાઓથી વિશેષ માહિતગાર થઈ શકે અને તેનો મહત્તમ લાભ મેળવી શકશે.

રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયો કાર્યક્રમ

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કંબોઈ ખાતે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

લાભાર્થીઓને સહાય અને વન અધિકાર પત્રોનું વિતરણ કરાયું

(પ્રતિનિધી) ઝાલોદ, તા.15

ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં ૧૫ નવેમ્બરના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે દાહોદ જિલ્લાના ઝાલોદ વિધાનસભા વિસ્તારનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કંબોઈ ખાતે રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જનજાતીય સમાજના ગૌરવશાળી ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રના વિકાસમાં તેમના યોગદાનને યાદ કરવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, દેશની આઝાદીની લડતમાં જનજાતીય સમાજના અનેક ક્રાંતિકારીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને દેશની આઝાદી માટે પોતાના પ્રાણની આહુતિ આપી હતી. જોકે, ઈતિહાસમાં તેમના યોગદાનને યોગ્ય સ્થાન મળ્યું ન હતું.



૫૦૦થી વધુ મિષ્ટાન્ન અને ફરસાણનો ભગવાનને અન્નકૂટ ધરાવાયો

પાદરા BAPS સ્વામિનારાયણ મંદિરે લાભ પાંચમ નિમિત્તે ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાયો

(પ્રતિનિધી) પાદરા, તા.15

પાદરા BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે છેલ્લા ૨૬ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ લાભ પાંચમના પવિત્ર દિવસે ભગવાનને વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ નિમિત્તે મંદિર ખાતે ધાર્મિક અને ભક્તિમય માહોલ વચ્ચે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ સવારે ૫:૩૦ કલાકે વૈદિક મહાપૂજાથી કરવામાં આવ્યો હતો, જેમાં ૪૫૦થી વધુ હરિભક્તો જોડાયા હતા. ત્યારબાદ સાંજે ભગવાનના ચરણોમાં ૫૦૦થી વધુ પ્રકારની મિષ્ટાન્ન અને ફરસાણની વાનગીઓનો ભવ્ય અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પવિત્ર દર્શનનો લાભ લેવા પાદરા શહેર સહિત આસપાસનાં ગામોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.આ પ્રસંગે અટલાદરા મંદિરના કોઠારી ભાગ્યસેતુ સ્વામી તેમજ પાદરા તાલુકામાં વિચરણ કરી રહેલા આદર્શ તિલક સ્વામી અને શ્રીજીવંદન સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી ઉજવાઇ

વાઘોડિયામાં આદિવાસી સંસ્કૃતિ, સિદ્ધિઓ અને વિવિધ યોજનાઓને ઉજાગર કરતો કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) વાઘોડિયા, તા.15

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે આદિવાસી સંસ્કૃતિ, સિદ્ધિઓ અને કલ્યાણકારી યોજનાઓને ઉજાગર કરતા જિલ્લા કક્ષાના કાર્યક્રમ યોજાયો હતો.

જનજાતિય ગૌરવ દિવસ ની ઉજવણીનો મુખ્ય ઉદેશ ભગવાન બિરસા મુંડાના જીવન, સાહસ અને અમૂલ્ય યોગદાનને યાદ કરવાની સાથે ભારતના આદિવાસી સમુદાયોના સમૃદ્ધ વારસા, ઓળખ અને ગૌરવની ઉજવણી કરવાનો હતો. કાર્યક્રમનો પ્રારંભ ભગવાન બિરસા મુંડા અને આદિવાસી ધરતી આબાની પૂજા-અર્ચના તથા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આદિવાસી વિકાસ અધિકારી દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકો દ્વારા સ્વાગત ગીત અને નૃત્ય પ્રસ્તુતિ, પરંપરાગત રીતે મહાનુભાવોનું સ્વાગત તથા આદિવાસી સાંસ્કૃતિક સમૂહ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રધાનમંત્રીના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મહાનુભાવો દ્વારા પ્રેરણાદાયી સંબોધનો કરવામાં આવ્યાં હતાં તેમજ શિક્ષણ, ખેતી અને રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવનારા આદિવાસી પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



બોડેલી પંથકમાં ડેન્ગ્યુના કેસ નોંધાતા ગામલોકોમાં ફફડાટની લાગણી વ્યાપી

જબુગામ ગ્રામ પંચાયતને સાફ-સફાઈ મુદ્દે આરોગ્ય વિભાગની કડક લેખિત સૂચના

(પ્રતિનિધી) બોડેલી, તા.15

બોડેલી તાલુકાના જબુગામ ખાતે ડેન્ગ્યુના કેસ તથા ટૂંક સમય અગાઉ ટાઈફોડના કેસ નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા સતર્કતા ના ભાગ રૂપે યોગ્ય કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે પાણીજન્ય તેમજ મચ્છરજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતીના પગલાં હાથ ધરવામાં આવ્યા છે. જબુગામ વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને રોગચાળો ફેલાય નહીં તે હેતુથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાધરા દ્વારા જબુગામ ગ્રામ પંચાયતના તલાટીને લેખિતમાં કડક સૂચનાઓ આપવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ પંચાયતને પીવાના પાણીના સ્ત્રોતોની નિયમિત સફાઈ કરવા તેમજ પાણીનું યોગ્ય ક્લોરિનેશન જાળવવા ખાસ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત ગામમાં આવેલી પાણીની ટાંકીઓની સમયાંતરે સફાઈ કરવી, લીકેજ થતી પાઈપલાઈનોનું તાત્કાલિક સમારકામ કરાવવું અને જાહેર સ્થળોએ એકત્રિત થતી ગંદકીનો યોગ્ય નિકાલ કરવા સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને ડેન્ગ્યુ, મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગોનો ફેલાવો અટકાવવા પાણી ભરાઈ રહે તેવા સ્થળોની સફાઈ, મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો દૂર કરવા તેમજ ગામમાં સ્વચ્છતા જાળવવા જરૂરી તકેદારી રાખવા જણાવાયું છે. આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી લેખિત સૂચનાઓ બાદ હવે જબુગામ ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અને સફાઈની કામગીરી કેટલી ઝડપથી હાથ ધરવામાં આવે છે તે જોવું રહ્યું. ગ્રામજનોના આરોગ્યની સુરક્ષા માટે પંચાયત અને આરોગ્ય વિભાગ વચ્ચે સંકલન સાથે નિયમિત સફાઈ કામગીરી થાય તે જરૂરી બન્યું છે.



પાદરા લાભ પાંચમ નિમિત્તે મા ગાયત્રીને ભવ્ય અન્નકૂટ ધરાવાયો

પાદરા : નૂતન વર્ષના પ્રારંભે સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને દીર્ઘાયુષ્યની મંગલકામના સાથે પાદરા શ્રી ગાયત્રી પરિવાર દ્વારા લાભ પાંચમના પવિત્ર અવસરે મા ગાયત્રીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા.

પ.પૂ. ગુરુદેવ અને વંદનીય માતાજીના સૂક્ષ્મ આશીર્વાદ સાથે વિશ્વવંદનીય વેદમાતા મા ગાયત્રી સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા ગાયત્રીની આરતી ઉતારવામાં આવી હતી અને ભક્તો માટે અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાલોલ ભાજપ દ્વારા 'જનજાતિય ગૌરવ દિવસ' ની ઉજવણી

કાલોલમાં મહાપુરુષોની પ્રતિમાઓનું સ્વચ્છતા અભિયાન યોજાયું

(પ્રતિનિધી) કાલોલ, તા.15

આગામી 'જનજાતિય ગૌરવ દિવસ' નિમિત્તે ભારતીય જનતા પાર્ટી કાલોલ નગર દ્વારા મહાપુરુષોની પ્રતિમાઓની સ્વચ્છતાનું વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં કાલોલના અગ્રણી નેતાઓ અને કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ અભિયાન અંતર્ગત તિરંગા સર્કલ (મામલતદાર કચેરી પાસે) સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા તેમજ એમ.જી.એસ. હાઈસ્કૂલ પાસે આવેલી મહારાણા પ્રતાપજીની પ્રતિમાને સાફ-સુથરી કરી સ્વચ્છ કરવામાં આવી હતી. તેમજ ફુલહાર કરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા અભિયાનમાં કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, જિલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલ, કાલોલ નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા, શહેર પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ અને કિરણસિંહ સોલંકી તેમજ કાલોલ નગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ એ.પી.એમ.સી. ચેરમેન ધર્મેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ સંજય રાઠોડ, કાલોલ મામલતદાર વિકાસ પટેલ, તેમજ નગરપાલિકાના કાઉન્સિલરો, ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાઈને મહાપુરુષોને પુષ્પાંજલિ અને સ્વચ્છતા અર્પણ કરી હતી.

